જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦    ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૩/૦૬/૨૦૧૮ બુધવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૧૧૦૫/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૩ કેસ કરી, ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૪૪૧ લીટર દેશી દારૂ, ૨૨૨ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૩૪ બીયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૯,૩૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-**    **સમાચાર યાદી નં.૧૧૦૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૩૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-**    **સમાચાર યાદી નં.૧૧૦૭/૧૮**

**વાડજ** : મનમોહનભાઇ હરીશંકર શર્મા (રહે, સે.૬/એફ  નિર્ણયનગર વાડજ) એ તા.૧૨/૬/૧૮ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે સને ૨૦૧૪ થી ૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ગૌરીશંકર શિવકુમાર સોની (રહે,કેશવ એપાર્ટમેન્ટ ભીમજીપુરા) એ નવા વાડજ ગામ બિજલભાઇ ભરવાડ ની દુકાન ભાડે રાખી સોની જડતર કામ કરી, મનમોહનભાઇ પાસેથી ટુકડે-ટુકડે સોનુ તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧૦,૫૦,૦૦૦/- મતા મેળવી લઇ, મનમોહનભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન.ચોધરી ચલાવે છે

**નિકોલ** : જયપાલસિંહ જોરસિંહ વેણાર (રહે,પુરષોતમનગર વિરાટનગર રોડ નિકોલ) એ તા.૧૨/૬/૧૮ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૬/૧૮ થી તા.૧૧/૬/૧૮ દરમ્યાન વિરાટનગર ચાર રસ્તા પાસે આવેલ એસ.બી.આઇ. ના એ.ટી.એમ. માં એક અજાણ્યો પુરૂષ (૨૪ થી ૨૭ વર્ષના આશરાનો) જયપાલસિંહ જ્યારે એ.ટી.એમ મશીનમાંથી પૈસા ઉપાડતા હતા ત્યારે તેમને વિશ્વાસમાં લઇ જયપાલસિંહ નું એ.ટી.એમ. સ્વાઇપ કરી, તેમનો કોડ નંબર જોઇ લઇ, જયપાલસિંહ ને એસ.બી.આઇ બેંકનુ બંધ હાલતનું એ.ટી.એમ કાર્ડ આપી, જયપાલસિંહ ના એ.ટી.એમ કાર્ડ થી કુલ રૂપીયા ૨,૫૫,૪૯૫/- મેળવી લઇ, જયપાલસિંહ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.એન..શર્મા ચલાવે છે

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૧૦૮/૧૮</u>**

**સોલા હાઇકોર્ટ** : શાંતીલાલભાઇ જીવરામભાઇ જોષી (રહે,આશય પ્લેટીના સ્વામીનારાયણ મંદીરની પાસે આનંદ પાર્ટી પ્લોટ રોડ ન્યુ રાણીપ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૭/૦૬/૧૮ નારોજ અમરેલી ખાતેની દેના બેંકમાંથી રૂપિયા ૧,૪૫,૦૦૦/- ઉપાડી બેગમાં મુક્યા હતા. ત્યારબાદ તા.૧૨/૦૬/૧૮ સવારનાં ૬/૦૦ વાગે ગામ: જીરા ડાભડા તા-ધારી જી-અમરેલી ખાતે થી નિકળી બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે અમદાવાદ ખાતે એસ.ટી.બસ તથા ઓટોરીક્ષાની મુસાફરી કરી પોતાના ઘરે પહોંચતા, તેમનો થેલો ચેક કરતા તેમની બેગમાં મુકેલ રોકડા રૂપિયા ૧,૪૫,૦૦૦/- જણાઇ આવેલ નહી જેની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.એમ.દેસાઇ ચલાવે છે

**કૃષ્ણનગર** : કોકીલાબહેન વા/ઓ સુરેશભાઇ શર્મા (ઉ.વ.૫૮)(રહે,ખોડીયારમાતાના મંદીર પાછળ કુબેરદાસ ની જુની ચાલી સૈજપુર ટાવર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૦૬/૧૮ ના કલાક ૧૧/૦૦ થી ૧૧/૩૦ સુધીના સમયગાળા દરમ્યાન સૈજપુર ફદેલી રોડ, તખ્તેશ્વર મહાદેવ મંદીર, લાકડાના ડેમચા પાસે રોડ ઉપર એક અજાણ્યો પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાનો) તથા એક છોકરો (૧૫ થી ૧૬ વર્ષના આશરાનો) ભેગામળી કોકિલાબહેનને વિશ્વાસમાં લઇ, ભરોસો આપી તેઓની સોનાની બંગડીઓ તથા સોનાની ચેઇન મળી કુલ કિંમત રૂપિયા ૧,૯૦,૦૦૦/- મત્તાની કોકીલા બહેનની નજર ચુકવી ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.પી.મારૂ ચલાવે છે.

**નિકોલ** : હર્ષ કનુભાઇ ચૌહાણ (રહે,શ્રીમત ફ્લેટ શ્યામવેદ ની બાજુમા મનમોહન ઓઢવ રોડ નિકોલ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા ૧૨/૦૬/૧૮ બપોરના ૩/૩૦ થી ૩/૪૫ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે નિકોલ સરદાર મોલ ની નીચે શ્રીજી ઇલેક્ટ્રોનીકસ નામની દુકાન આગળ પોતાની એક્ટીવા નંબર જીજે.૦૧.એલ.પી.૬૯૫૫ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- પાર્ક કરી હતી. જે એક્ટીવાની ડેકીમાં રોકડ રૂપિયા ૯૦,૦૦૦/- મુકેલ હતા. જે એક્ટીવાની કોઇ અજાણી વ્યક્તિ ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**ઇસનપુર** : હેમાબહેન વા/ઓ મનિષભાઇ જીવવાની (ઉ.વ.૩૨)(રહે,પુષ્કર હોમ નવનિલ પાર્ટી પ્લોટની પાછળ નાના ચિલોડા) એ તા.૧૨/૬/૧૮ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૬/૧૮ ના કલાક ૧૧/૪૫ વાગ્યાના સુમારે હેમાબહેન ઇસનપુર ચાર રસ્તા થી વિશાલનગર જવા માટે ઓટોરીક્ષામાં બેઠા હતા. આ મુસાફરી દરમ્યાન ઓટોરિક્ષાનો ચાલક તથા રીક્ષામાં બેસેલ ત્રણ ઇસમોએ ભેગામળી હેમાબહેન ની નજર ચુકવી તેમની બેગના પાઉચ માંથી સોનાના દાગીના અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૮૩,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય.જી.માથુકિયા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.